# APPENDIX - E

## FAMILY RELATIONSHIP QUESTIONNAIRE, CHARACTER EVALUATION FORM, ADJUSTMENT INVENTORY AND RATING SHEET USED IN THE INVESTIGATION.

E - 1

# FAMILY RELATIONSHIP QUESTIONNAIRE

Dr. A.S.Patel(Dept.of Psy.,
Baroda)

નોંધ:- નીચે લખેલા પ્રશ્નોના જવાબ આપો. તમારો જવાબ તદન સ્વાભાવિક રૂચિ અથવા અરૂચિ મુજબ હોવો જોઇએ. જો તમારો જવાબ 'હા' હોય તો પ્રશ્ન સામે :હા:,'ના' હોય તો :ના: ઉપર વર્તુલ દરા દોરો. ધ્યાનમાં રાખો કે બધા પ્રશ્નોના જવાબ તમેજ આપો. પ્રશ્નો બહુ ધ્યાનપૂર્વક વાંચો.

| | | |
|---|---|---|
| ૧. | તમને તમારૂં ઘર ગમે છે ખરૂં? | હા - ના |
| ૨. | તમને એમ લાગે છે કે હંમેશા તમારે કંઇક ને કંઇક મુંઝવણ અથવા મુશ્કેલીઓ હોય છે? | હા - ના |
| ૩. | તમારી મુંઝવણો તમે સામાન્ય રીતે તમારાં માતાપિતા આગળ છૂટથી રજૂ કરી શકો છો ખરાં? | હા - ના |
| ૪. | મિત્રો તમને મળવા તમારે ઘેર ન આવે તો સારૂં એમ તમને લાગે છે? | હા - ના |
| ૫. | તમારાં ઘરમાં કોઇની સામે તમને ફરિયાદ કરવાનું મન થઇ આવે છે? | હા - ના |
| ૬. | તમને એમ લાગે છે કે ઘરમાં કોઇને કોઇ એકબીજાની પાછળ કુથલી કરે છે? | હા - ના |

૭. તમારા ઘરમાં બધાં સાથે બેસીને નિયમિત રીતે કૌટુંબિક પ્રશ્નોની ચર્ચા કરે છે? હા - ના

૮. તમને એમ થાય છે ખરું કે તમારા મિત્રોનું ઘર તમારા ઘર કરતાં વધારે સુખી છે? હા - ના

૯. ઘરમાં કોઇ ખોટું કામ કરીને અથવા ચોરી કરીને આવે અથવા જૂઠું બોલી કંઇ સંતાડે ત્યારે માતા કે પિતા તેનું ઉપરાણું લે છે? હા - ના

૧૦. તમને કાયમ એમ લાગે છે કે ઘરમાં કોઇક તમને અન્યાય કરે છે? હા - ના

૧૧. તમને ખાત્રી છે કે કોઇ કોઇ વાર નાનાશા વાદવિવાદ હોવા છતાં તમારું કુંટુંબ એકંદરે શાંતિથી અને સારી રીતે ચાલે જાય છે? હા - ના

૧૨. તમને ઘેરથી નાસી જવાનું મન થઇ આવે છે? હા - ના

૧૩. તમને ખરેખર એમ લાગે છે કે તમારાં માતાપિતા તમને મળવા આવેલા મિત્રોને સારી રીતે બોલાવે ચલાવે છે? હા - ના

૧૪. તમને એમ લાગે છે કે ઘરમાં તમારા ઉપર કોઇ સતત ચોકી કરે છે, દાદાગીરી કરે છે, અથવા તમને દબાવ દબાવ કરે છે? હા - ના

૧૫. તમને લાગે છે કે તમારે ત્યાં કામની વહેંચણી અંગે કંઇ વ્યવસ્થા અથવા નિયમિતતા છે? હા - ના

૧૬. તમને એવું કંઇ, થઇ આવે છે કે ઘરમાં કંઇક આધુંપાછું, ગડબડાટ કે કુસંપ છે? હા - ના

૧૭. તમને લાગે છે કે ઘરમાં તમારી સંભાળ બરાબર રાખવામાં આવે છે? હા – ના

૧૮. તમારાં માતાપિતા એકબીજાના ઘણાખરા વિચારોમાં મળતાં આવતાં નથી એમ તમને લાગે છે ખરું? હા – ના

૧૯. તમને એમ લાગે છે કે ઘરમાં તમારા કરતાં બીજા કોઇને વધારે અગત્ય અપાય છે અથવા તેના તરફ પક્ષપાત થાય છે? હા – ના

૨૦. સગવડ પ્રમાણે ઘરનાં ઘણાખરાં સાથે જમવા કે પ્રાર્થના કરવા સાથે બેસે છે અથવા મઝા કરવા કોઇ સ્થળે અથવા બહાર ફરવા બધાં સાથે જાય છે ખરાં? હા – ના

૨૧. તમને એવું લાગ્યા કરે છે કે તમારા ઘરમાં કંઇને કંઇ કજિયા કંકાસ રહ્યા કરે છે અથવા એકબીજાનાંમન ઉંચા રહે છે? હા – ના

૨૨. માતા અને પિતા બંને તમને ગમે છે ખરાં? હા – ના

૨૩. તમને એવું થયા કરે છે કે ઘરમાં કોઇ ખાવા જેવી સર્વસામાન્ય વસ્તુઓ પોતપોતાની અલાયદી અથવા છાની રાખે છે? હા – ના

૨૪. તમારા ભાઇ અથવા બહેન તમારી સાથે સારી રીતે વર્તતા નથી એમ તમને લાગે છે? હા – ના

૨૫. કુટુંબમાં દરેકને એકબીજા માટે માન છે ખરું? હા – ના

નામ:

ઉંમર: તા:

ધોરણ: શાળા:

સરનામું:

## E - 2

## CHARACTER EVALUATION FORM

-Dr.A.S.Patel (Dept.of Psy.,Baroda)

### વિનંતિ

માનનીય સાહેબ,

નીચે જણાવેલ સદગુણ દુર્ગુણ માટે ______________________________ વિદ્યાર્થી વિષે આપનો સ્પષ્ટ અને ચોક્કસ અભિપ્રાય જણાવી અમારા પ્રયત્નમાં સહકાર આપશો એવી વિનંતિ છે. નીચે જણાવેલ દરેક વિગતના પાંચ દરજ્જા પાડયા છે. તે પૈકી વિશેષણની જે કક્ષા લાગુ પડે તે શબ્દસમૂહ આગળ ચિહ્ન બતાવી આપનો ખરો અભિપ્રાય જણાવશો.

### - અભિપ્રાય પત્ર -

નામ: વર્ગ:

તારીખ: શાળા:

:૧: કુટુંબ:

- :અ: ઘણું સંસ્કારી : :
- :બ: મોટે ભાગે સારું કહેવાય : :
- :ક: ઠીક ઠીક : :
- :ડ: જરા પછાત : :
- :ઈ: તદન અસંસ્કારી : :

:૨: અભ્યાસ:

:અ: ઘણો હોશિયાર : :

:બ: સામાન્ય રીતે હોશિયાર : :

:ક: નભે એવો : ::

:ડ: જરા ઢીલો : :

:ઈ: તદ્દન ઠોઠ : :

:૩: જવાબદારી:

:અ: પૂરે પૂરો જવાબદાર : :

:બ: ઘણું ખરું જવાબદાર : :

:ક: થોડે અંશે જવાબદાર : :

:ડ: જરા બિનજવાબદાર : :

:ઈ: ભારે બિનજવાબદાર : :

:૪: નિયમિતતા:

:અ: બહુજ નિયમિત : :

:બ: ઘણુંખરું નિયમિત : :

:ક: કંઇક અંશે નિયમિત : :

:ડ: થોડો ઘણો અનિયમિત : :

:ઈ: ભારે અનિયમિત : :

:૫: વિશ્વાસ:

:અ: ઘણોજ વિશ્વાસ પાત્ર : :

:બ: મોટેભાગે વિશ્વાસુ : :

:ક: નભાવી લેવાય તેવો :થોડે અંશે વિશ્વાસપાત્ર: : :

:ડ: થોડો ઘણો અવિશ્વાસુ : :

:ઈ: કદી વિશ્વાસ ન રખાય એવો : :

:૬: સામાન્ય સ્થિતિ:

| | | |
|---|---|---|
| :અ: મોટો પૈસાદાર | : | : |
| :બ: સામાન્ય રીતે પૈસાદાર | : | : |
| :ક: મધ્યમ | : | : |
| :ડ: સહેજ ગરીબડ | : | : |
| :ઈ: તદન ગરીબ | : | : |

:૭: સાથી તરીકે:

| | | |
|---|---|---|
| :અ: ઘણોજ ઉપયોગી સાથી | : | : |
| :બ: સબંધ રાખવા જેવો | : | : |
| :ક: ઠીક | : | : |
| :ડ: બિન ઉપયોગી | : | : |
| :ઈ: ખાય તેનું ખોદે એવો | : | : |

:૮: પ્રમાણિકતા:

| | | |
|---|---|---|
| :અ: અત્યંત પ્રામાણિક | : | : |
| :બ: સામાન્યરીતે પ્રામાણિક | : | : |
| :ક: નભાવી લેવાય :કેટલેક અંશે પ્રમાણિક: | : | : |
| :ડ: થોડો છેતરપીંડીવાળો | : | : |
| :ઈ: બહુજ લુચ્ચો | : | : |

:૯: શરમાળપણું:

| | | |
|---|---|---|
| :અ: ભારે શરમિંદો અને સંતાતો ફરતો | : | : |
| :બ: થોડો શરમાળ | : | : |
| :ક: સામાન્યરીતે બધા સાથે ભળે તેવો | : | : |
| :ડ: મોટે ભાગે માથું મારી આગળ ઉભો રહે એવો ખરો | : | : |
| :ઈ: ભારે ઘુસણીયો અને ખટપટી | : | : |

:૧૦: સહકાર:

:અ: ભારે સહકાર, સુમેળ અને ભાવથી બીજાને મદદ રૂપ થાય તેવો : :

:બ: ઘણુંખરું મદદ કર્તા : :

:ક: કંઈક અંશે સુમેળથી કામ કરે તેવો : :

:ડ: જરા અસહકારી અને બીજાને અડચણ પડે તેમાં સહેજ રાજી : :

:ઈ: ખૂબ અસહકારી અને ભારે વિઘ્ન સંતોષી : :

:૧૧: મળતાવડાપણું:

:અ: બહુજ મળતાવડો : :

:બ: ઘણુંખરું ભળીજાય તેવો : :

:ક: જરૂરત પડે તે પુરતોજ મળતાવડો : :

:ડ: થોડો અતડો : :

:ઈ: બહુજ અતડો : :

:૧૨: ન્યાય:

:અ: કોઈની શેહમાં તણાયા સિવાય હંમેશા ખુલ્લા દિલથી અને ન્યાયથી બોલે અને સાચું લાગે તેજ કરે : :

:બ: મોટે ભાગે હિંમતથી ન્યાયી પગલું ભરે તેવો : :

:ક: પોતાના પગતળે ન આવે ત્યાં સુધી ન્યાયી : :

:ડ: કોઈની શેહમાં ખસી જતાં કે ફરી જતાં વાર ન લાગે:ડે તેવો : :

:ઈ: હડહડતો અન્યાયી : :

:૧૩: હિંમત:

| | | |
|---|---|---|
| :અ: ભારે હિંમતબાજ | : | : |
| :બ: હરેક સંજોગોમાં સામાન્યરીતે હિંમતથી કરે તેટલું કરે ખરો | : | : |
| :ક: હિંમતથી બડાઇ હાંકે એટલુંજ | : | : |
| :ડ: જરા નાહિંમત અને પોચો | : | : |
| :ઈ: ભારે ગભરાઉ અને તદન બીકણ | : | : |

:૧૪: ચારિત્ર્ય: સામાન્ય બાબતોમાં:- જેમકે જૂઠું,છેતરપીંડી, ગપોલીઆં, તોફાન,નાનીશી ચોરી વગેરે

| | | |
|---|---|---|
| :અ: અત્યંત સરળ અને સીધો | : | : |
| :બ: મોટે ભાગે સીધો | : | : |
| :ક: સામાન્યરીતે ફરિયાદ ન આવે એવો | : | : |
| :ડ: ઘણીવાર વાંકો ખરો | : | : |
| :ઈ: હંમેશાં રખડેલ અને છુપાવતો | : | : |

અગત્યની બાબતોમાં: જેમકે અઠંગ,ચોરી,વ્યભિચાર, તદન અસભ્યવર્તન વગેરે

| | | |
|---|---|---|
| :અ: હરેક પ્રકારે ઉચ્ચ ચારિત્ર્યશીલ | : | : |
| :બ: મોટે ભાગે ચારિત્ર્યશીલ | : | : |
| :ક: ઠીકઠીક | : | : |
| :ડ: જરા શંકાસ્પદ | : | : |
| :ઇ: તદન માઝા મૂકેલો અને લંપટ | : | : |

:૧૫: એકંદરે:

| | | | |
|---|---|---|---|
| :અ: | ઘણોજ સારો | : | : |
| :બ: | સારો | : | : |
| :ક: | ઠીકઠીક | : | : |
| :ડ: | બહુ સબંધ રાખવા જેવો નહિ | : | : |
| :ઇ: | તદન દૂર રાખવા જેવો | : | : |

અભિપ્રાય આપનારની સહી

E - 3

ADJUSTMENT INVENTORY

STUDENT FORM 1950

H.S.ASTHANA
(Translation from Hindi)

<u>પ્રશ્નમાલા</u> SCORE

નોંધ:- નીચે લખેલા પ્રશ્નોના જવાબ આપો. તમારો જવાબ તદ્દન સ્વભાવિક રૂચિ અથવા અરૂચિ મુજબ હોવો જોઈએ. જો તમારો જવાબ "હા" હોય તો પ્રશ્ન સામે :હા:, "ના" હોય તો :ના:, ઉપર વર્તુલ દોરો. ધ્યાનમાં રાખો કે બધા પ્રશ્નોના જવાબ તમેજ આપો. પ્રશ્નો બહુ ધ્યાનપૂર્વક વાંચો.

૧. શું તમોને પ્રવચન કરતી વખતે અથવા ચર્ચા કરતી વખતે ડર લાગે છે, અથવા મુંઝવણ થાય છે? હા - ના

૨. શું તમોને કોઇ અજાણ્યા સાથે વાતો કરવામાં મુશ્કેલી થાય છે? હા - ના

૩. શું અપમાન થઇ જતાં તમોને ઘણા સમય સુધી લાગણી થયા કરે છે? હા - ના

૪. શું તમો બીજાની સાથે રહેવા છતાં ઘણીવાર એકલતાપણું અનુભવો છો? હા - ના

૫. શું તમો પોતાને એક જલદી ગભરાઇ જનાર માણસ ધારો છો? હા - ના

૬. શું તમારી લાગણીઓ જલ્દી દુભાઇ જાય છે? હા - ના

| | | |
|---|---|---|
| ૭. | સભા વગેરેના પ્રસંગો પર શું તમો બીજાની પાછળ રહો છો? | હા - ના |
| ૮. | શું તમારા મનમાં એટલા બધા વિચારો રમ્યા કરે છે કે તમે ઉંઘી શકતા નથી? | હા - ના |
| ૯. | શું તમોને તમારી ભૂલોની યાદ વારંવાર સતાવે છે? | હા - ના |
| ૧૦. | ભવિષ્યમાં આવી શકે એવી મુશીબતોથી શું તમો મુઝવણમાં રહો છો? | હા - ના |
| ૧૧. | શું તમારી આનંદ અને દુ:ખની લાગણીઓ કોઇપણ કારણ વગર બદલાયા કરે છે? | હા - ના |
| ૧૨. | શું તમોને ઝાંખ પડવાથી પરેશાની થાય છે? | હા - ના |
| ૧૩. | શું તમે ઘણુંખરૂં હવાઇ કિલ્લા બાંધ્યા કરો છો? | હા - ના |
| ૧૪. | શું તમોને માથામાં ચક્કર આવવાના પ્રસંગો થયા છે? | હા - ના |
| ૧૫. | શું તમો સહેલાઇથી હિમ્મત હારી જાઓ છો? | હા - ના |
| ૧૬. | શું તમારી પસંદગીઓ જલ્દી જલ્દી બદલાયા કરે છે? | હા - ના |
| ૧૭. | શું તમોને રડવું જલ્દી આવે છે? | હા - ના |
| ૧૮. | જ્યારે તમે સારી રીતે કામ કરી રહ્યા હો અને લોકો તમને કામ કરતા જુએ છે ત્યારે તમોને પરેશાની થાય છે? | હા - ના |
| ૧૯. | દિલમાં લાગણી થયા વગર શું તમો તમારી બુરાઇઓ સાંભળી શકો છો? | હા - ના |
| ૨૦. | શું તમોને મિત્ર બનાવવામાં મુશ્કેલી નડે છે? | હા - ના |
| ૨૧. | સડક ઉપર ચાલનારાઓ તમોને જોઇ રહ્યા છે એ વિચાર શું તમોને પરેશાન કરે છે? | હા - ના |

૨૨. શું તમારું મન હંમેશા એટલું બહેકી જાય છે કે તમો શું કરો છો તેનું તમોને ધ્યાન રહેતું નથી? હા – ના

૨૩. શું તમોને નિશાળમાં ઓછા માર્કસ મળવાથી ઘણું દુઃખ થાય છે? હા – ના

૨૪. શું તમોને ઘણીવાતોથી ચીઢ થાય છે? હા – ના

૨૫. શું તમો હંમેશ આવેશમાં રહો છો? હા – ના

૨૬. શું તમો તમારા નસીબને હંમેશ દોષ દો છો? હા – ના

૨૭. જ્યારે તમો તમારા વર્ગમાં કવિતા વગેરે સંભળાવો છો ત્યારે તમો શું તમારોજ વિચાર કરો છો? હા – ના

૨૮. શું ઘણુંખરું તમો તમોને બેચેન જુઓ છો? હા – ના

૨૯. શું તમોને કોઇ બેકારનો વિચાર તમારા મનમાં વારંવાર આવીને સતાવ્યા કરે છે? હા – ના

૩૦. શું તમો તમારા વર્ગમાં કવિતા વિગેરે સંભળાવવા માટે નામ આપતાં ગભરાઓ છો? હા – ના

૩૧. શું તમો હંમેશ બેચેન અને મુંઝાયેલાં રહો છો? હા – ના

૩૨. શું તમો ઘણુંખરું એકલતા અનુભવો છો? હા – ના

૩૩. શું તમોને મોટાઓની સામે તમારું ધ્યાન આવી જાય છે? હા – ના

૩૪. શું તમોને તમારા ઉપર ભરોસો ઓછો છે? હા – ના

૩૫. શું તમોને જનતા સામે બોલતાં મુશ્કેલી પડે છે? હા – ના

૩૬. શું તમોને તમારી સિકલનું કારણ તમારું ધ્યાન હંમેશ બની રહે છે? હા – ના

૩૭. શું તમો કોઇ દુર્ઘટના જોઇ તરતજ મદદ કરવા દોડી જાઓ છો? હા – ના

૩૮. શું કોઇ કામનો આરંભ કરતાં પહેલાં તમોને એમ લાગે છે કે તમો એ કામને વારંવાર સુધારી લો? હા – ના

૩૯. શું તમોને બીજાઓની સરખામણીમાં તમારૂં નાનપણ અથવા તમારી ખામીઓનો વિચાર તમોને તંગ કર્યા કરે છે? હા – ના

૪૦. તમે તમારૂં કામ કરવાનો નિશ્ચય કરી શકતા ન હો અને પરિણામે તમારો કામ કરવાનો વખત નીકળી જાય એવું બને છે? હા – ના

૪૧. શું કોઇપણ કારણ વગર તમારો મિજાજ ચઢઉતર થયા કરે છે? હા – ના

૪૨. શું તમોને સામાન્ય રીતે તમારી યોગ્યતાઓ ઉપર વિશ્વાસ રહે છે? હા – ના

નામ:

ઉંમર: તા:

ધોરણ: શાળા:

સરનામુ:

E - 4

RATING SHEET FOR SELECTING NON-DELINQUENTS

માનનીય,

નમ્ર વિનંતી કે મારે કેટલાક બિનગુન્હેગાર વિદ્યાર્થીઓ મારા પી.એચ.ડી. ના અભ્યાસ માટે જોઇએ છે, માટે આપ જે વિદ્યાર્થીઓના કુટુંબના ગાઢ પરિચયમાં હો તેવા છ વિદ્યાર્થીઓના નામ નીચે પૂછેલી માહિતી સાથે લખો. :ફકત બારથી સત્તર વર્ષ સુધીનાજ: તેમના કુટુંબનો આર્થિક દરજ્જો નક્કી કરવા નીચે આપેલા નમૂનાનો ઉપયોગ કરી સારો,સાધારણ અથવા નબળો જે પ્રમાણે તેમનો આર્થિક દરજ્જો હોય તે પ્રમાણે લખો:

શિક્ષકનું નામ:

શાળાનું નામ:

તારીખ :

| અ.નં. | વિદ્યાર્થીનું નામ | વર્ગ | ટુકડી | ઉંમર | કુટુંબનો દરજ્જો○ |
|---|---|---|---|---|---|
| ૧. | | | | | |
| ૨. | | | | | |
| ૩. | | | | | |
| ૪. | | | | | |
| ૫. | | | | | |
| ૬. | | | | | |

○ કુટુંબનો આર્થિક દરજ્જો નક્કી કરવા નીચેની વિગતનો ઉપયોગ કરો.

૧: સારો :- જે કુટુંબનો કમાઉ સભ્ય અથવા સભ્યો આઠથી દશ માસ કોઇપણ સંજોગવશાત કમાતો બંધ થાય તો પણ કુટુંબ પોતાનો નિભાવ સરળતાથી કરી શકે, તેમજ કેટલાક અનીવાર્ય પ્રસંગો જેવા કે જન્મ,મરણ,લગ્ન અથવા કોઇપણ સભ્યની લાંબી માંદગી વગેરેનો ખર્ચ સહેલાઇથી કરી શકે તે કુટુંબનો આર્થીક દરજ્જો સારો કહી શકાય.

૨:સાધારણ: જે કુટુંબ સામાન્યરીતે દરરોજની કમાણી ઉપર આધાર રાખતુ હોય અને જો તેની આવકનું સાધન માસ બે માસ માટે બંધ થાય તો તે નાણાં ભીંડમાં આવી જાય અને અનિવાર્ય ખર્ચના પ્રસંગો વખતે માથે દેવું લેવું પડે એવા કુટુંબનો આર્થિક દરજ્જો સાધારણ કહી શકાય.

૩: નબળો : જે કુટુંબ પોતાના નિભાવ માટે ફકત તેની આવક ઉપર આધાર ન રાખી શકે અને તેની પુરતી માટે કોઇ સંસ્થા અને કુટુંબ બહારની વ્યકિત ઉપર આધાર રાખતું હોય તે કુટુંબનો આર્થિક દરજ્જો નબળો કહી શકાય.